# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૨૬ માર્ચ, ૨૦૨૬



### પેટલાદમાં સરકારી જમીન ઉપર સ્લેબ વાળી દુકાનોના બાંધકામ અંગે તર્ક વિતર્ક ઉઠી

# પેટલાદમાં પરવાનગી વગર દુકાનોનું બાંધકામ થયું

**પેટલાદમાં 66 દુકાનોનું** બાંધકામ પૂર્ણ, 42નું કામ ચાલુ કોની મહેરબાની ? ચર્ચાનો વિષય બન્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.25

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રેલ્વે સ્ટેશનથી એસટી સ્ટેન્ડ સુધીમાં આશરે 66 જેટલા કાચા કેબીનોની જગ્યાએ પાકા ચણતર વાળી દુકાનો બની ગઈ છે. જ્યારે પોલીસ લાઈન બહારના રાજમાર્ગ ઉપર 36 તથા રેલ્વે પોલીસ ચોકી પાસે 6 મળી કુલ 42 પાકી દુકાનોનું કામ ચાલી રહ્યું છે. પરંતુ આ તમામ પાકી દુકાનો કોઈપણ પ્રકારની બાંધકામ પરવાનગી સિવાય બની રહી છે. તેમાંય કેબીનોની જગ્યાએ જે પાકી દુકાનો બની રહી છે તે તમામ પાકા ચણતર, આરસીસી સ્લેબ - પીલર સાથે બની રહી હોવાથી નગરજનોમાં અનેક તર્ક વિતર્કો શરૂ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે પેટલાદમાં છેલ્લા અઢી વર્ષ દરમ્યાન 108 જેટલા દબાણકારોના કેબીનોની જગ્યાએ તે જ સ્થળે 6 થી 10 ફુટ પાછળ સરકારી જમીનની લ્હાણી કરી આપી પરવાનગી વગરના બાંધકામ માટે ક્યા નેતાઓ અને અધિકારીઓ મહેરબાન છે તે વાત ટોક ઓફ ધ ટાઉન છે.



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

સમગ્ર ગુજરાતના શહેરી વિસ્તારોમાં કાચા પાકા દબાણો ઉપર દાદાનું બુલ્ડોઝર અવાર નવાર ફરી વળે છે. આણંદ જીલ્લાની વાત કરીએ તો ગત અઢી વર્ષ દરમ્યાન ખંભાત, બોરસદ, સોજીત્રા ખાતે મોટી સંખ્યામાં કાચા પાકા દબાણો દુર કરી સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. તાજેતરમાં કરમસદ - આણંદ મહાનગર પાલિકા દ્વારા પણ બે વખત દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પાકી દુકાનોના દબાણો તોડી પાડી પ્લોટ ખુલ્લા કરવામાં આવ્યા હતા. પરંતુ પેટલાદ માટે કદાચ નિયમો અલગ બનતા હોવાની વાતોએ નગરજનોમાં જોર પકડ્યું છે. કારણકે છેલ્લાં અઢી વર્ષ દરમ્યાન પેટલાદ પાલિકા દ્વારા રસ્તા પહોળા કરવાના બહાને 108 જેટલા લાકડાંના કાચા કેબીનોના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પરંતુ પેટલાદના દબાણકારો માટે પાલિકાએ નિયમો નેવે મૂકીને આ તમામ 108 કેબીન ધારકોને એ જ સ્થળે સરકારી જમીનની લ્હાણી કરાવી આપી હતી. આટલું જાણે કે અપુરતું હોય તેમ આ દબાણકારોને મળેલ સરકારી જમીન ઉપર સ્વૈચ્છિક રીતે બાંધકામ કરવાની પણ પાલિકાએ છુટ આપી હતી. પરંતુ મળતી માહિતી મુજબ નાના મોટા રોજગાર માટે પાલિકા કે સરકારની જમીન ઉપર પાકું બાંધકામ થઈ શકતું નહીં હોવાનું જાણવા મળે છે. છતાં પ્રથમ તબક્કામાં રેલ્વે સ્ટેશનથી એસટી સ્ટેન્ડ સુધી જે બાંધકામ થયું એ પતરાંની છત અને ચણતરની દિવાલો બનાવી હતી.

પરંતુ હાલ પોલીસ લાઈન બહાર અને પંચાયત પેટા વિભાગની જમીન ઉપર જે દુકાનો બની રહી છે તેનું બાંધકામ આરસીસી પીલર, ચણતર અને સ્લેબ સાથેનું બનતું હોવાથી શહેરમાં અનેક તર્ક વિતર્કો શરૂ થઈ ગયા છે. ઉપરાંત આ તમામ દુકાનોના બાંધકામ કોઈપણ પ્રકારની પરવાનગી સિવાય થતાં હોવાનું જાણવા મળે છે. તેમાંય પોલીસ લાઈન બહાર 29 કેબીનો માટે વર્ષ 1951 થી 1956 દરમ્યાન નિર્વાસીતોને પાલિકાએ જમીન ફાળવી હતી. સમયજતાં કાચા કેબીનો 29ના બદલે 36 થઈ ગયા અને આ 36 કેબીન ધારકો પૈકી મોટા ભાગના બદલાઈ ગયા છે. છતાં આ 36 દબાણો સદંતર દૂર કરી રસ્તો પહોળો કરવાના બદલે સરકારી જમીન ફાળવી દબાણકારોને પ્રોત્સાહિત કરતી મહેરબાનીની કદાચ રાજ્યમાં આ પ્રથમ ઘટના હોવાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન છે.

### ખોટા લાભાર્થીઓને માલામાલ

મળતી માહિતી મુજબ પોલીસ લાઈન બહાર જે 36 દુકાનો બની રહી છે, તે પૈકી મોટા ભાગના નિર્વાસીતો સિવાયના છે. છતાં તેવા લાભાર્થીઓને સરકારી જમીન મફતમાં મળવા ઉપરાંત પરવાનગી વગર સ્વૈચ્છિક બાંધકામ કરવાના આશિર્વાદ પ્રાપ્ત થયા છે. પરંતુ આ 36 પૈકીના કેટલાક ઈસમો તૈયાર દુકાનનું પઝેશન લઈ અન્યને ભાડે આપવાના ફીરાકમાં છે. જ્યારે, કેટલાક તો પાકી દુકાનની તગડી રોકડી કરી પાલિકામાં નામ ટ્રાન્સફર કરી દેવાના મૂડમાં હોવાનું જાણવા મળે છે. જો સરકાર આવાસ યોજનાનો લાભ આપવા સામે દસ વર્ષ સુધી વેચાણ કે ટ્રાન્સફર નહીં કરવાની જોગવાઈ લાવી શકે છે, તો શું પાલિકા કે પોલીસ આવાસ નિગમ કે પંચાયત પેટા વિભાગ દ્વારા આવો કોઈ નિયમ લવાશે ? કે પછી લ્હાણીમાં મળેલ જમીનના ઉપરદળનો વેપલો કરી નાંખશે ?

### નડિયાદમાં મેયરના બંગલા માટેનો કરોડોની કિંમતનો પ્લોટ દબાણમુક્ત કરાયો

# નડિયાદના સંતરામ દેરી રોડ પર મેયરના બંગલા માટે મનપાનું બુલડોઝર ફરી વળ્યું

**પોલીસના ચુસ્ત** બંદોબસ્ત વચ્ચે 6 થી વધુ કાચા મકાનો અને ગેરકાયદે અડ્ડાઓ જમીનદોસ્ત

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારના પોશ ગણાતા સંતરામ દેરી રોડ પર મનપાની માલિકીના પ્લોટ પર લાંબા સમયથી ખડકાયેલા દબાણો પર તંત્રએ આખરે લાલ આંખ કરી છે. પોલીસ પ્રોટેક્શન સાથે મનપાની દબાણ શાખાની ટીમે વહેલી સવારે ત્રાટકીને જેસીબીની મદદથી છથી વધુ કાચા મકાનો અને ગેરકાયદે બાંધકામો તોડી પાડી લાખોની કિંમતનો પ્લોટ ખુલ્લો કરાવ્યો છે.



નડિયાદના પ્રમુખ કુટીર બંગ્લોઝની સામે આવેલા આ કિંમતી સરકારી પ્લોટ પર કેટલાક તત્વો દ્વારા કાચા મકાનો બનાવીને કાયમી વસવાટ કરવામાં આવતો હતો, જેના કારણે સ્થાનિક રહીશોમાં પણ અસંતોષ પ્રવર્તતો હતો. આ પ્લોટની બજાર કિંમત કરોડો રૂપિયા હોવાનું મનાય છે. અત્યાર સુધી પાલિકા પાસે મેયર માટે અલગ સત્તાવાર નિવાસસ્થાનની સુવિધા ઉપલબ્ધ નહોતી, જેથી આ પ્લોટ પર હવે મેયર માટે સુવિધાયુક્ત બંગલો બનાવવાનું આયોજન હાથ ધરાયું છે.

આ કાર્યવાહી દરમિયાન દબાણકર્તાઓએ સામાન ખસેડવા માટે સમયની માંગણી કરી હતી, પરંતુ કડક વલણ અપનાવી ગણતરીના કલાકોમાં જ આખી જગ્યા ચોખ્ખી કરી દીધી હતી. આ પ્લોટ બિનઉપયોગી હોવાથી ત્યાં અસામાજિક તત્વો અને શ્રમિકોએ ડેરા જમાવ્યા હતા. હવે આ પ્લોટ પર ફરીથી દબાણ ન થાય તે માટે તેની ફરતે ફેન્સિંગ કરીને તેને સુરક્ષિત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# કરમસદ-આણંદ મનપામાં રજાના દિવસે પણ બાકી વેરો ભરી શકાશે

**બાકી વેરાની વસૂલાત** માટે મનપા દ્વારા ખાસ વ્યવસ્થા કરાઇ

### મનપા દ્વારા કાયદેસરની કાર્યવાહીની ચીમકી

કરમસદ-આણંદ મનપા દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, જે મિલકતધારકો 31મી માર્ચ 2026 પહેલા પોતાનો બાકી વેરો ભરપાઈ નહીં કરે, તેમની સામે કાયદાની જોગવાઈ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

(પ્રતિનિધિ) આણંદ તા.25

કરમસદ-આણંદ મનપા દ્વારા નાણાકીય વર્ષ 2025-26 પૂર્ણ થવાના આરે છે ત્યારે બાકી વેરાની વસૂલાત માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપા કમિશનરના આદેશ અનુસાર, રવિવાર અને જાહેર રજાના દિવસોમાં પણ મનપા વિસ્તારની તમામ કચેરીઓ ખુલ્લી રાખીને નગરજનો બાકી વેરો ભરપાઈ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

કરમસદ-આણંદ મનપામાં સમાવિષ્ટ આણંદ, કરમસદ, વિદ્યાનગર, મોગરી, ગામડી, જીટોડીયા અને લાંભવેલ વિસ્તારના મિલકતધારકો પોતાનો બાકી ટેક્સ સમયસર ભરી શકે તે માટે તંત્ર સજ્જ થયું છે. આગામી 26મી માર્ચ (ગુરુવાર), 28મી માર્ચ (શનિવાર), 29મી માર્ચ (રવિવાર) અને 31મી માર્ચ (મંગળવાર) ના રોજ જાહેર રજા હોવા છતાં તમામ કચેરીઓના વેરા વિભાગ સવારે 11થી બપોરે 4 વાગ્યા સુધી કાર્યરત રહેશે. મનપા દ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ આ રજાના દિવસોનો લાભ લઈ મિલકત વેરો જમા કરાવી દે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ રજા દિવસો દરમિયાન મનપા દ્વારા બાકી વેરો ભરવા સુવિધા ઉભી કરવામાં આવી હતી. જેમાં મનપાને લાખોની આવક થઈ હતી.

# સોજીત્રામાં લોન ટ્રાન્સફર ન કરી છેતરપિંડી આચરી

**સોજિત્રાના વ્યક્તિએ** ચાલુ લોને પીકઅપ ખરીદી હતી

(પ્રતિનિધિ) સોજિત્રા તા.25

સોજીત્રામાં ચાલુ લોને પીકઅપ વેચાણ લઈ લોન ટ્રાન્સફર ન કરાવી ગઠીયાઓએ એક શખ્સ સાથે છેતરપિંડી કરી હોવાની ઘટના સામે આવી છે.

મોરબીના જેતપરના રહેવાસી વિનયકુમાર મહિપતભાઈ પરમારે પોતાનું બડાદોસ્ત પીકઅપ વેચવા માટે સોશિયલ મીડિયા પર જાહેરાત આપી હતી. આ જાહેરાત જોઈ સોજીત્રાના સકીલ વ્હોરાએ તેમનો સંપર્ક કર્યો અને ચાલુ લોન ટ્રાન્સફર કરાવી પીકઅપ ખરીદવાની તૈયારી બતાવી હતી. બાદમાં સોજીત્રામાં એચપી પેટ્રોલ પંપ પાસે થયેલી મીટીંગમાં સકીલ વ્હોરા, સરફરાજભાઈ ઉર્ફે કટો, મહંમદભાઈ ઉર્ફે લાંબો અને આમીરભાઈ વ્હોરાએ રૂ. 97 હજારમાં લોન ચુકવી આપવાની શરતે સોદો નક્કી કર્યો હતો અને નોટરી લખાણ કરાવ્યું હતું.

જોકે, એક મહિના બાદ ફાયનાન્સ કંપનીમાંથી હપ્તા બાકી હોવાની ઉઘરાણી આવતા વિનયકુમાર ચોંકી ગયા હતા. તેમણે જ્યારે ખરીદદારોનો સંપર્ક કર્યો ત્યારે તેઓ ધાકધમકી પર ઉતરી આવ્યા હતા. લોન ટ્રાન્સફર ન કરાવી છેતરપિંડી આચરવામાં આવતા અંતે વિનયકુમારે સોજીત્રા પોલીસ મથકે તમામ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ ગાડી ચાલુ લોનમાં બારોબાર બીજાને વેચી દેવામાં આવી હોવાનું ખુલ્યું હતું.

# નડિયાદના મિલ રોડથી કમળા ચોકડી સુધીનો માર્ગ 6 મહિના સુધી બંધ રહેશે

**બોક્સ કલ્વર્ટ** અને રાઈઝિંગ મેઈન લાઈનની કામગીરી હાથ ધરાતા જાહેરનામું અમલી

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદ શહેરના વિકાસને લઈ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા ત્રણ મહત્વના પ્રોજેક્ટ્સને કારણે શહેરના હાર્દ સમાન માર્ગો પર મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. નડિયાદના વ્યસ્ત એવા મિલ રોડથી કમળા ચોકડી સુધીનો મુખ્ય માર્ગ આગામી 17 જૂન, 2026 સુધી તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડી ટ્રાફિક ડાયવર્ઝન લાગુ કરવામાં આવ્યું છે. આ કામગીરી અંદાજે 6 માસ સુધી ચાલવાની હોવાથી નાગરિકોને સહકાર આપવા અપીલ કરાઈ છે. સ્થાનિકો અને રાહદારીઓને હાલાકી ન પડે તે માટે તંત્ર દ્વારા ડાયવર્ઝનના બોર્ડ લગાવવાની સૂચના પણ આપવામાં આવી છે.

### નડિયાદમાં ત્રણ મહત્વના પ્રોજેક્ટ્સ પર કામ શરૂ

- સેન્ટ્રલ પમ્પિંગ સ્ટેશનથી મેઈન સ્ટેશન સુધી નવી રાઈઝિંગ મેઈન લાઈન નાખવી.
- પારસ સર્કલથી કપડવંજ રોડ સુધી સ્ટ્રોમ વોટર લાઈનની કામગીરી.
- કમળા રોડ કાંસ ઉપર અત્યાધુનિક બોક્સ કલ્વર્ટ બનાવવાની કામગીરી.

ક્યા રસ્તાઓ પર રહેશે પ્રતિબંધ?

સરદાર ભવન ત્રણ રસ્તાથી મિલ રોડ થઈ કમળા ચોકડી તરફ જતો તમામ વાહનવ્યવહાર બંધ રહેશે.

સંત અન્ના ચોકડીથી મિલ રોડ અને કમળા ચોકડીથી રેલવે ફાટક તેમજ મહિલા આર્ટસ કોલેજ તરફ આવતા-જતા વાહનો પર પણ પ્રતિબંધ મુકાયો છે.



### વૈકલ્પિક માર્ગો જાહેર કરાયા

- **સરદાર** ભવન ત્રણ રસ્તાથી રેલવે ઓવરબ્રિજ થઈ મિશન રોડ અને ડભાણ ચોકડીથી કમળા રોડ તરફ જઈ શકાશે.
- **વાહનચાલકો** બિલોદરા ચોકડીથી મંજીપુરા ચોકડી તરફના માર્ગનો ઉપયોગ કરી શકશે.

# નડિયાદની સોસાયટીમાં બાંધકામ કરતાં વિવાદ

**મનપાની નોટિસ છતાં** કામગીરી યથાવત

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદના પવનચક્કી રોડ પર આવેલા પ્રાર્થના બંગલોઝમાં બે મકાનો વચ્ચેની સહિયારી દીવાલ પર નિયમોને નેવે મૂકીને કરાતા બાંધકામ મામલે રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નડિયાદના પ્રાર્થના બંગલોઝમાં રહેતા હિમાંશુ ખ્રિસ્તીયને મનપાના કમિશનરને કરેલી રજૂઆત મુજબ, પાડોશમાં રહેતા રાજેન્દ્ર મકવાણા દ્વારા બંને મકાનોની વચ્ચે આવેલી પાર્કિંગની સહિયારી દીવાલ પર નવું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. આ બાંધકામ સંપૂર્ણપણે ગેરકાયદે હોવાનું અને તેના કારણે બાજુના મકાનમાં કુદરતી હવા અને પ્રકાશ અવરોધાઈ રહ્યા હોવાની ફરિયાદ ઉઠી છે. અસરગ્રસ્ત રહીશ દ્વારા અગાઉ પાડોશી સાથે મૌખિક ચર્ચા કરવામાં આવી હતી, પરંતુ કોઈ સુખદ ઉકેલ ન આવતા મામલો પાલિકા સુધી પહોંચ્યો હતો. નડિયાદ નગરપાલિકા દ્વારા આ મામલે બાંધકામ કરનાર પક્ષને નોટિસ પણ પાઠવવામાં આવી છે, તેમ છતાં તંત્રના કોઈ પણ ડર વગર બાંધકામની પ્રવૃત્તિ રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવી છે.

હાલમાં બાંધકામ સ્થળ પર ખોદકામ અને લોખંડના સળિયાના પિલર ઉભા કરવાની કામગીરી ચાલી રહી છે. રહેણાંક સોસાયટીઓમાં માર્જિન અને હવા-ઉજાસના નિયમોનું પાલન કરવું અનિવાર્ય હોવા છતાં, અહીં નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

### ગેરકાયદે બાંધકામમાં મનપા અને બિલ્ડરની મિલીભગતની ચર્ચાઓ

# નડિયાદમાં શીતવંદન કોમ્પલેક્ષમાં સીલિંગના નામે માત્ર નાટકબાજી!

**આખરી નોટિસ** માત્ર દેખાડો હોવાનો ગણગણાટ

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદ શહેરના કોલેજ રોડ પર આવેલા શીતવંદન કોમ્પલેક્ષમાં બિલ્ડર દ્વારા કરવામાં આવેલા બેફામ ગેરકાયદે બાંધકામ અને પાર્કિંગના વ્યવસાયિક ઉપયોગ મામલે નડિયાદ મનપાએ આખરી નોટિસ ફટકારી છે. જોકે, વર્ષો જૂની સ્ક્રિપ્ટ મુજબ આ નોટિસ માત્ર એક દેખાડો હોવાની અને આગામી સમયમાં સીલિંગની કામગીરી કર્યા બાદ બંધ બારણે સેટલમેન્ટ કરી દેવાની તંત્રની પદ્ધતિ અમલમાં આવશે તેવી લોકચર્ચાઓએ જોર પકડ્યું છે.

### ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે બિલ્ડરની ડંફાસ

સ્થાનિક સ્તરે ચાલતી ચર્ચાઓ મુજબ, બિલ્ડર અતુલ પટેલ જાહેરમાં એવો દાવો કરી રહ્યો છે કે તેણે ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદળ, ટેક્સ ઓફિસર મુકેશ પટ્ટણી અને ટાઉન પ્લાનિંગના ઉચ્ચ અધિકારીઓને નાણાકીય વહીવટ કરી સાધી લીધા છે. બિલ્ડરની બડાશ મુજબ, તંત્ર ગમે તેટલી નોટિસો આપે પણ તેનું બાંધકામ કોઈ દૂર કરી શકવાનું નથી, જે તંત્રની વિશ્વસનીયતા સામે મોટા સવાલો ઊભા કરે છે.

નડિયાદ શહેરના મધ્યમાં આવેલા આ કોમ્પલેક્ષમાં બિલ્ડર અતુલ પટેલ દ્વારા 5, 6 અને 7માં માળ પર પાલિકાની મંજૂરી વિના જ બાંધકામ કરી દેવાયું છે. એટલું જ નહીં, બેઝમેન્ટમાં પાર્કિંગની જગ્યામાં પાર્ટીશન કરીને તેનો વ્યવસાયિક ઉપયોગ થઈ રહ્યો છે અને સાતમા માળે ગેરકાયદે સ્ટીલ સ્ટ્રક્ચર ઊભું કરાયું છે. આ મામલે રહીશોએ રાજ્યપાલ અને કલેક્ટર સુધી રજૂઆતો કરી હોવા છતાં સ્થાનિક તંત્રની ઢીલી નીતિને કારણે બિલ્ડરની દાદાગીરી યથાવત રહી છે. આવતીકાલે સીલિંગની કામગીરી થવાની સંભાવના છે, પરંતુ તે માત્ર વિરોધ શમાવવા માટેનો એક ડોળ હોવાનું મનાય છે.

# નડિયાદ : અફવા ફેલાવનારા શખ્સ સામે પોલીસ કાર્યવાહી

**લોકોમાં ગભરાટ** ફેલાવનાર સલુણ બજારના રહીશ સામે પોલીસની લાલ આંખ

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદના સલુણ બજાર વિસ્તારમાં રશિયા અને યુક્રેન યુદ્ધની આડમાં સોશિયલ મીડિયા પર જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની અછત સર્જાશે તેવી ખોટી અફવાઓ ફેલાવી લોકોમાં ભયનું વાતાવરણ ઊભું કરનાર એક શખ્સને નડિયાદ ટાઉન પોલીસે ઝડપી પાડ્યો છે.

નડિયાદ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, જીજ્ઞેશ પૂનમ રાણા નામના શખ્સે પોતાના ફેસબુક આઈડી પરથી દાવો કર્યો હતો કે યુદ્ધના કારણે ભારતની આયાત બંધ થશે અને મોંઘવારી આસમાને પહોંચશે. તેણે લોકોને ગેસ સિલિન્ડર, પેટ્રોલ-ડીઝલ અને ખાદ્ય તેલ જેવી વસ્તુઓનો સંગ્રહ કરવા ઉશ્કેર્યા હતા. આટલું જ નહીં, ઈન્ટરનેટ સેવાઓ ઠપ્પ થશે અને એટીએમ-બેંકિંગ સર્વર કામ કરતા બંધ થઈ જશે તેવી પાયાવિહોણી વાતો વહેતી કરતા સ્થાનિક નાગરિકોમાં અફરાતફરી મચી ગઈ હતી.

જોકે, જનતામાં ફેલાયેલી આ ગભરાટને પગલે નડિયાદ ટાઉન પોલીસે તાત્કાલિક હરકતમાં આવી ટેકનિકલ સર્વેલન્સની મદદથી જીજ્ઞેશ રાણાને દબોચી લીધો હતો. આ મામલે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ 353 મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ‘તારા પિતાને આપેલા 7 લાખ પાછા આપી દે’ તેમ કહી પતિએ પત્નીને ધમકી આપી

# બોરસદની પરણિતાને ઘરકામ મામલે ટોણાં મારી મારઝૂડ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.25

બોરસદમાં પિયરના આશરે રહેતી પરણિતા તુલસીબેને સુરતના કોસંબામાં રહેતા પોતાના પતિ, સાસુ અને જેઠ-જેઠાણીના અસહ્ય શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી આણંદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

સ્રોતો અનુસાર, બોરસદની તુલસીબેનના લગ્ન 14મી મે 2021ના રોજ થયા હતા. આ લગ્નના એક માસ બાદ જ સંયુક્ત પરિવારમાં રહેતા જેઠ અરૂણભાઈ અને જેઠાણી કોમલબેને ઘરકામ તેમજ રસોઈ બાબતે તને કશું આવડતું નથી, તારા માતા-પિતાએ કંઈ શીખવાડ્યું નથી. તેમ કહી મેણાંટોણાં મારવાનું શરૂ કર્યું હતું. આ અંગે સાસુ સુશીલાબેનને રજૂઆત કરતા તેઓ પણ પરણિતાને સાથ આપવાને બદલે જેઠ-જેઠાણીનો જ પક્ષ લેતા હતા.

પરણિતાના પતિ અર્જુનભાઈ પણ પત્નીની વાત સાંભળવાને બદલે ઘરમાં ભાઈ-ભાભીનું જ ચાલશે. તેમ કહી પિયર મોકલી દેવાની ધમકી આપતા હતા. પતિએ તું સીધી નહીં રહે તો પૂરી કરી દઈશ, પોલીસમાં મારી મોટી ઓળખાણ છે. કહી પત્નીને માનસિક યાતનાઓ આપી હતી. વધુમાં, લગ્નમાં સારી વ્યવસ્થા ન કર્યાનું મ્હેણું મારી પતિએ તેના પિતાને આપેલા 7 લાખ રૂપિયા પરત માંગ્યા હતા અને જેઠાણીએ પરણિતા સાથે મારઝૂડ પણ કરી હતી.

આ અંગે વારંવારની સમજાવટ છતાં સાસરીયાઓના વર્તનમાં સુધારો ન આવતા, આખરે કંટાળીને પરણિતા 20મી માર્ચ 2025ના રોજ પિયર આવી ગઈ હતી. આ મામલે આણંદ મહિલા પોલીસે પતિ અર્જુનભાઈ અશોકભાઈ સરણીયા, સાસુ સુશીલાબેન, જેઠાણી કોમલબેન અને જેઠ અરૂણભાઈ (તમામ રહે. કોસંબા, સુરત) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.